કુટિર અને ગ્રામોધોગની
મેળા પ્રદર્શન પોલીસી

ગુજરાત સરકાર
ઉધોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- કમઉ -૧૦૨૦૧૫-૮૮૩-ખ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૨૮ - ૯ - ૨૦૧૫

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) ઉધોગ અને ખાણ વિભાગના પરિપત્રક્રમાંકઃ-ગમઉ-૧૦૦૮-૧૫૮-ખ-૧ તા-૧૯-૧૧-૨૦૦૮
(૨) ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવક્રમાંકઃ-કમઉ-૧૦૨૦૧૦-૩૭૯-ખ-૧ તા-૦૬-૦૪-૨૦૧૦
(૩) ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવક્રમાંકઃ-કમઉ-૧૦૨૦૧૦-૩૭૯-ખ-૧ તા-૩૦-૧૦-૨૦૧૦
(૪) સામાન્ય વહીવટ વિભાગનો પત્ર ક્રમાંકઃ-ગવય-૧૦૨૦૧૫-૮૦૦(૩)-વસુતાપ્ર.-(૨)તા.૦૬-૦૭-૨૦૧૫

<u>પ્રસ્તાવનાઃ-</u>

વંચાણે લીધેલ ક્રમ-(૧)માં દર્શાવેલ તા-૧૯-૧૧-૨૦૦૮ના ઠરાવથી કુટિર અને ગ્રામોધોગ હસ્તકના બોર્ડ/નિગમો દ્વારા યોજવામાં આવતાં મેળા અને પ્રદર્શનો માટે એકસુત્રતા જળવાઇ રહે તે હેતુથી એક સર્વગ્રાહી મેળા-પ્રદર્શન પોલીસી રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકેલ. વંચાણે લીધેલ ક્રમ-(૨) માં દર્શાવેલ તા-૦૬-૦૪-૨૦૧૦ના ઠરાવથી સુધારા નીતિ અમલમાં મુકેલ જ્યારે વંચાણે લીધેલ ક્રમ-(૩)માં દર્શાવેલ તા-૩૦-૧૦-૨૦૧૦ના ઠરાવથી આ યોજનામાં અંશત સુધારો કરવામાં આવેલ.

સરકારશ્રી દ્વારા એક કરતાં વધુ પરિપત્રો / ઠરાવો પ્રસિધ્ધ થયા હોય તો તેવા તમામ પરિપત્રો / ઠરાવોનું સંકલન કરીને જેમાં તમામ બાબતો આવરી લઇને, એક જ સંકલિત પરિપત્ર/ઠરાવ બહાર પાડવા બાબતની સામાન્ય વહીવટ વિભાગના આમુખમાં દર્શાવેલ ક્રમાંકઃ-(૩) તા.૦૬-૦૭-૨૦૧૫ થી મળેલ સુચના અન્વયે કુટિર અને ગ્રામોધોગની મેળા પ્રદર્શન પોલીસી યોજનામાં સમયાંતરે પ્રસિધ્ધ થયેલા એક કરતાં વધુ ઠરાવોને સંકલિત કરીને આ યોજના હેઠળની તમામ બાબતોને આવરી લઇને, એક અધતન સ્વરૂપે સંકલિત ઠરાવ બહાર પાડવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

આ બાબતમાં પુખ્ત વિચારણા ને અંતે વંચાણે લીધેલ ક્રમ-(૧) થી (૩) ના ઠરાવો રદ કરીને કુટિર અને ગ્રામોધોગ હસ્તકના બોર્ડ/નિગમો દ્વારા યોજવામાં આવતાં મેળા અને પ્રદર્શનો માટે એકસુત્રતા જળવાઇ રહે તે હેતુથી એક સર્વગ્રાહી કુટિર અને ગ્રામોધોગની મેળા પ્રદર્શન પોલીસી અંગે આ સાથે નીચે જણાવેલ જોગવાઇને આધિન અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) ઇન્ડેક્ષ્ટ-સી/આર.ટી.આઇ/ગ્રીમકો/ગુજરાત રાજય હેન્ડલુમ અને હેન્ડીક્રાફ્ટ ~~કોર્પોરેશન લિ.~~ દ્વારા આયોજીત મેળાઓ કે જેમાં સંપૂર્ણ ખર્ચ જે તે બોર્ડ/કોર્પોરેશન ભોગવે છે. તેવા મેળા/પ્રદર્શનમાં સ્ટોલ ભાડું પ્રતિદિન ₹. ૨૦૦/- લેવાનું રહેશે.

(૨) ખાદી બોર્ડ દ્વારા આયોજીત મેળાઓમાં ખાદી સંસ્થાઓ માટે મેળા દીઠ ₹. ૨૦૦૦/- તથા ગ્રામોદ્યોગ સંસ્થાઓ માટે મેળા દીઠ ₹. ૧૦૦૦/- સ્ટોલ ભાડું લેવાનું રહેશે.

(3) રાજય સરકાર ના જુદા જુદા વિભાગો દ્વારા યોજાતાં મેળાઓ જેવા કે ગુજરાત ટુરીઝમ, વાયબ્રન્ટ, નવરાત્રી, કાઇટ ફેસ્ટીવલમાં મેળાઓ/પ્રદર્શનોમાં સ્ટોલ ભાડું પ્રતિદિન ₹. ૩૦૦/- લેવાનું રહેશે.

(૪) રાજકોટ, ભાવનગર, તરણેતર, સિધ્ધપુર જેવા લોકમેળાનું આયોજન જે તે મહાનગરપાલિકા /નગરપાલિકા /ગ્રામ પંચાયત દ્વારા આયોજીત કરવામાં આવે છે. તેવા મેળાઓમાં સ્ટોલ ભાડું પ્રતિદિન ₹. ૨૦૦/- લેવાનું રહેશે.

(૫) ઇન્ડેક્ષ્ટ-સી અન્ય સંસ્થાઓ/એનજીઓ જેવા કે સી.બી.એમ.ડી. ભારત વિકાસ પરિષદ, લાયન્સ ક્લબ, ચેમ્બર ઓફ કોમર્સ વગેરે સાથે રાજયમાં કે રાજય બહાર મેળાઓ યોજે છે. તેવા મેળાઓમાં સ્ટોલ ભાડું પ્રતિદિન ₹. ૩૦૦/- લેવાનું રહેશે.

(૬) આ વિભાગ હેઠળના બોર્ડ/કોર્પોરેશન દ્વારા યોજાતાં મેળાઓમાં સ્ટોલ રાખનારે હવેથી બીલબુક નિભાવવાની ફરજીયાત રહેશે, તથા કારીગરો દ્વારા થયેલ વેચાણની એન્ટ્રી તારીખવાર/સ્ટોલવાર કોમ્પ્યુટરાઇઝ કરવાની રહેશે. જયારે અન્ય યોજાતા મેળાઓમાં સંસ્થાના સ્ટાફ દ્વારા વેચાણમાં આંકડા તારીખવાર/સ્ટોલવાર/કારીગરવાર લેવાના રહેશે. અને તેની વિગતો ઇન્ડેક્ષ્ટ-સી ને પુરી પાડવાની રહેશે.

(૭) કુટિર અને ગ્રામોદ્યોગ હસ્તકના તમામ બોર્ડ/નિગમો માટે સાત મહાનગરપાલિકા વિસ્તારમાં સંયુકત કુટિર અને ગ્રામોદ્યોગમેળા-પ્રદર્શનોનું આયોજન કરવું જેનું સંકલન ઇન્ડેક્ષ્ટ-સી એ કરવાનું રહેશે.

(૮) પરિવહન, ભાડું, આવવા-જવાનું ભાડું તથા રહેવા જમવાની વ્યવસ્થા અને રોજગારીના નુકશાનનો (Loss of Wages) ખર્ચ આપવાની પ્રથા રદ કરવામાં આવે છે.

(૯) ઇન્ડેન્ટ-સી એ કુટિર અને ગ્રામોદ્યોગ હસ્તકના બોર્ડ/નિગમો આયોજીત મેળાઓ અંગેનો એક સંયુકત વીમો લેવાનો રહેશે.

(૧૦) મહાનગર પાલિકા વિસ્તારના દરેક મેળા અને પ્રદર્શનમાં કુડ સ્ટોલ માટે મીનીમમ ભાડું ₹. ૧૦,૦૦૦/- અને અન્ય વિસ્તારના મેળા અનુ પ્રદર્શન માટે મીનીમમ ભાડું ₹. ૫૦૦૦/- રાખવાનું રહેશે. કુડસ્ટોલ જાહેર હરાજીથી ફાળવવાના રહેશે.

(૧૧) મેળા-પ્રદર્શનોની પબ્લીસીટી લોકલ ચેનલ, રીક્ષા બેનર, ન્યુઝપેપર, રેડીયો, ચોપાનીયા વિગેરે મારફત અસરકારક રીતે કરવાની રહેશે.

(૧૨) જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો દ્વારા જિલ્લા કક્ષાએ જિલ્લાના કારીગરો દ્વારા ઉત્પાદીત માલના વેચાણ માટે મેળાનું આયોજન કરવાનું રહેશે. જિલ્લાના સખીમંડળોને આવા મેળાઓમાં અગ્રતા આપવાની રહેશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એ.બી.મુનિ )
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીનાઅગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (કુટિર ઉદ્યોગ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, ૧/૧, ગાંધીનગર.
- માન. રાજયકક્ષાનામંત્રીશ્રી (કુટિરઉદ્યોગ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, ૧/૧, ગાંધીનગર.
- ચેરમેન અને સદસ્ય સચિવશ્રી, ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, વાડજ, અમદાવાદ.
- સચિવશ્રી,કુટિર અને ગ્રામોદ્યોગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી,કુટિર અને ગ્રામોદ્યોગ, ઉદ્યોગભવન, ગાંધીનગર.
- કાર્યવાહક નિયામકશ્રી,ઇન્ડેક્ષ્ટ-સી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
- મેનેજીંગડીરેકટરશ્રી, ગુજરાત રાજયહાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લી.,સે.૧૩, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થા, સેકટર-૧૨, ગાંધીનગર.
- ગુજરાત રૂરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી. (ગ્રીમકો),ઉદ્યોગભવન, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.